SSP/08/01/100

## બોચાસણવાસી શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થા
## સત્સંગ શિક્ષણ પરીક્ષા
# સત્સંગ પ્રાજ્ઞ : દ્વિતીય ખંડ
# પ્રશ્નપત્ર - ૧

**સવારે ૯ થી ૧૨ ]** **રવિવાર, ૧૯ જુલાઈ, ૧૯૯૮** **કુલ ગુણ : ૧૦૦**

**નોંધ : જમણી બાજુએ આપેલા અંકો જે તે પ્રશ્નના ગુણાંક દર્શાવે છે.**

**('વચનામૃત' ના આધારે)**

**પ્ર.૧. (અ) નીચે આપેલ સૈદ્ધાંતિક વાક્ય, દૃષ્ટાંત કે વિષયમાંથી કોઈ પણ ત્રણ વિષે મુદ્દાસર નોંધ લખો.** **૧૮**

૧. ભગવાનને વિશે જ કર્તાપણું સમજવું એ જ કલ્યાણનું પરમ કારણ.
૨. 'તેજને વિશે જે મૂર્તિ છે એ જ આ પ્રત્યક્ષ મહારાજ છે.'
૩. 'હરિજનની સર્વ ક્રિયા ભક્તિરૂપ છે.'
૪. દરિદ્રિનું દૃષ્ટાંત ને તેનું હાર્દ.
૫. 'નિષ્કામી વર્તમાન રાખે છે તે જ અમને વ્હાલો છે.'

**(બ) નીચેનાં વાક્યોની પૂર્તિ કરો અને તેના વચનામૃતનો ક્રમાંક ટાંકો.** **૧૫**

૧. તેમ ઇન્દ્રિયો છે તેને ક્યારેય ...................... અવગુણ લેવો નહિ.
૨. અમારો તો એ જ ઈશક ............... ઉપાસના ખંડન થવા દેવી નહિ.
૩. જેને ભગવાનને વિશે પ્રીતિ ................. એ પ્રીતિનું લક્ષણ છે.
૪. ભગવાનના એકાંતિક ભક્ત .................. ભગવાનના યશને જ સાંભળે.
૫. જે ત્યાગી હોય તે જ્યારે દેશ ...................... તે મોટેરો કહેવાય.

**(ક) નીચેનામાંથી કોઈ પણ એક વિષય ઉપર અભ્યાક્રમના વચનામૃતના આધારે ક્રમાંક નોંધી બે અવતરણો લખો.** **૪**

(૧) સંતનો મહિમા. (૨) નિયમ.

**('સ્વામીની વાતો'ના આધારે)**

**પ્ર.૨. (અ) નીચેના દરેક પ્રશ્નોના એક એક વાક્યમાં જવાબ આપો.** **૬**

૧. અવળા પક્ષે કરીને શું થાય ?
૨. સારામાં સારું શું ?
૩. બીજા અવતારે કલ્યાણ કેવાં કર્યાં છે ?



૪. શ્રીજી મહારાજનાં બે ચરણાવિંદ પૃથ્વી પર ક્યારે આવ્યા ?
૫. બાવાની દૃષ્ટિએ શ્રીજી મહારાજે શું ભૂંડું કર્યું હતું ?
૬. આ સાધુથી નોખા પડીએ ત્યારે શું થવું જોઈએ ?

**(બ) નીચેનાં વાક્યોની કૌંસમાં આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ શોધીને પૂર્તિ કરો.** **૭**

૧. હું અક્ષરધામમાંથી પુરુષોત્તમ આવ્યો છું તે ..................... છું. (અદ્વિતીય, કૃપાળુ, સુગાળવો)
૨. એકાંતિકના જન્મ છે તે અનંત જીવને ................. કરવા તાય છે. (નિર્દોષ, શુદ્ધ, બ્રહ્મરૂપ)
૩. જ્યાં સુધી ......................... છે ત્યાં સુધી સ્ત્રી-દ્રવ્યાદિકને વિશે સુખ મનાય છે. (મોહ, વાસના, અજ્ઞાન, આસક્તિ)
૪. જ્યાં સુધી ....................... માં જીવ બંધારણો નથી ત્યાં સુધી લોક, ભોગ ને દેહ તે રૂપ થઈ જવાય છે. (સત્સંગ, સત્પુરુષ, ભગવાન)
૫. એટલું જ સમજવાનું છે કે મહારાજને ..................... જાણવા. (ઇષ્ટદેવ, પુરુષોત્તમ, શ્રેષ્ઠ)
૬. મહારાજ સાધુ અને .................. અક્ષરધામમાંથી લઈને આવ્યા છે. (નિયમ, ઐશ્વર્ય, મુક્ત)
૭. આમ ને આમ .................... રાખશો તો ગમે તેવો અંતઃશત્રુ હશે તે પણ પરાભવ નહિ કરી શકે. (દિવ્યભાવ, નિર્દોષબુદ્ધિ, સંપ)

**(ક) અભ્યાસક્રમની સ્વામીની વાતોના આધારે નીચેનામાંથી કોઈ પણ એક વિષે વિસ્તૃત નોંધ લખો.** **૧૦**

૧. મનુષ્યભાવ - દિવ્યભાવ. ૨. બ્રહ્મસ્થિતિ પામવાનો ઉપાય.
૩. વૈરાગ્ય.

**('ભગવાન સ્વામિનારાયણ ભાગ - ૧ તથા ભાગ - ૨' નવી આવૃત્તિને આધારે)**

**પ્ર.૩. (અ) નીચેનામાંથી કોઈ પણ એક વિષય પર નિબંધ લખો.** **૨૦**

૧. તપ અને યોગનો આદર્શ - નીલકંઠ વર્ણી.
૨. નીલકંઠે કહેલી સ્વસ્વરૂપની વાત. ૩. કચ્છનો સત્સંગ.

**(બ) નીચેનામાંથી કોઈ પણ બે વિષય પર મુદ્દાસર નોંધ લખો** **૨૦**

૧. જગન્નાથપુરીમાં નીલકંઠ. ૨. ફણેણીમાં ધર્મસભા.
૩. ભક્તિમાતાના લાડકવાયા ઘનશ્યામ. ૪. રઘુનાથદાસની ઉપાધિ.

✿ ✿ ✿